

# WF President in Gujarat, India

November 2024

૯મીથી ૧૧મી નવેમ્બર ૨૦૨૪ સુધી, WF પ્રમુખ - અલ્હાજ સફદર જાફરે, ગુજરાત, ઇન્ડિયાની મુલાકાત લીધી. આ મુલાકાતે કોમના વિકાસ પરિયોજનાઓને, કોમના વડાઓ સાથે વાતચીત અને WF, ઇન્ડિયા ફેડરેશન અને કાઉન્સિલ ઓફ ગુજરાત વચ્ચેના સહયોગને વધુ મજબૂત બનાવા પર આધારિત હતી.

## 9th November 2024

### ગુજરાતના વડાઓ સાથે મિટિંગ

મુલાકાતનીશરૂઆત ઇન્ડિયા ફેડરેશનના પ્રમુખ અલ્હાજ સુહેલ ભુરાની દ્વારા તેમના ઘરે પાવર બ્રંચથી થઈ હતી. આ સત્રમાં ગુજરાતના અગ્રણી વડાઓને એકસાથે લાવવામાં આવ્યા હતું તાકે કોમમાં એકતા અને વિકાસ મજબૂત થઇ શકે.

### છોકરીઓની હોસ્ટેલનું ઉદ્ઘાટન



WF પ્રમુખએ પરવીન બેન દ્વારા સંચાલિત ઉમ્મે કુલસુમ તાલીમ કેન્દ્ર ખાતે સાત માળની છોકરીઓની હોસ્ટેલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સુવિધા આસપાસના શહેરો અને ગામડાઓમાંથી ભાવનગરમાં શિક્ષણ મેળવવા માટે મહિલા વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત આવાસ પ્રદાન કરશે. આ હોસ્ટેલના એક માળ માટે ધ વર્લ્ડ ફેડરેશનએ ફાળોઆપ્યો હતો

## મન્નત ટાવર ફ્લેટનું ઉદ્ઘાટન



ભાવનગરમાં, અલ્હાજ સફદર જાફર - WF પ્રમુખે મન્નત ટાવર ખાતે ૨૨ ફ્લેટનું ઉદ્ઘાટન કર્યું. આ ઘરો, WF ની સ્કીમ B માં (ભાડાથી-પોતાની) લેવામાં આવિયા છે, જે તાકે હકદાર ઘરની માલિકી હાંસલ કરી શકે જે એક મહત્વપૂર્ણ પગલું રજૂ કરે છે.

## સ્ટ્રેટેજિક મીટિંગ ઈન્ડિયા ફેડરેશન અને કાઉન્સિલ ઓફ ગુજરાત સાથે



અલ્હાજસફદર જાફર - *WF* પ્રમુખ સાથે અલ્હાજ સુહેલ ભુરાની - ઈન્ડિયા ફેડરેશનના પ્રમુખ, અલ્હાજ નિહાલ ભુરાણી - કાઉન્સિલ ઓફ ગુજરાતના પ્રમુખ, અલ્હાજ અબ્બાસઅલી વિરાણી - ઈન્ડિયા ફેડરેશન સેક્રેટરી, અલ્હાજ અલી શ્રોફ - *WF* કાઉન્સિલર, અલ્હાજ હૈદરઅલી મેઘાણી - *WF* કાઉન્સિલર અને અલ્હાજ અસદ વિરાણી *WF* ઈન્ડિયા ઓફિસના લીડ.

WF,ઇન્ડિયા ફેડરેશન અને કાઉન્સિલ ઑફ ગુજરાતના વડાઓની બેઠક ઇન્ડિયાના પ્રોજેક્ટસને સુવ્યવસ્થિત કરવા પર કેન્દ્રિત હતી. ઉપસ્થિતોમાં કોમના વડાઓ અલ્હાજ સફદર જાફર - WF પ્રમુખ, અલ્હાજ સુહેલ ભુરાની - ઈન્ડિયા ફેડરેશનના પ્રમુખ, અને અલ્હાજ નિહાલ ભુરાની - કાઉન્સિલ ઓફ ગુજરાતના પ્રમુખ સામેલ હતા. આ મિટિંગમાં ભવિષ્યની પહેલોના વિષયએ વાતચીત થઇ અને ઇન્ડિયામાં આપણા કોમની શિક્ષણ અને આવાસની જરૂરિયાતો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને આર્થિક ઉત્થાન માટેની સ્પષ્ટ યોજનાઓ બનાવી.

## ઈન્ડિયા ફેડરેશન દ્વારા સ્વાગત કાર્યક્રમ



સાંજેઈન્ડિયા ફેડરેશનએ એક સ્વાગત કાર્યક્રમ આયોજિત કર્યું હતું જેમાં કોમના વડાઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને ભૂતકાળના અને વર્તમાન પરોપકારીઓને તેમના યોગદાન માટે માન્યતા આપવામાં આવી હતી. WF પ્રમુખ - અલ્હાજ સફદર જાફરે લોકોને સંબોધિત કરી જ્યાં તે સામૂહિક ક્રિયાને પ્રેરણા આપી.



# 10th November 2024

## મહુવામાં ગ્રાઉન્ડ બ્રેકિંગ સમારોહ



WF પ્રમુખે ફાતેમા સોસાયટી, મહુવા ખાતે એક ગ્રાઉન્ડ બ્રેકિંગ સમારોહમાં હાજરી આપી હતી, જ્યાં WF એ સાદાત માટે અસંખ્ય ફ્લેટ્સનું વચન આપ્યું હતું.

## મહુવા મદરેસા પાર્ટી જમાત દ્વારા સ્વાગત કાર્યક્રમ



મહુવામદરેસા પાર્ટી જમાત દ્વારા અલ્હાજ સફદર જાફર - WF પ્રમુખનું સન્માન કરવામાં આવ્યું હતું. મહુવામાં કોમની સ્થિતિ અંગે ચર્ચા કરવા માટે કોમના વડાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## પંજેતની મસ્જિદની મુલાકાત



પ્રમુખએપંજેતની મસ્જિદની મુલાકાત લીધી, એક અનોખી મસ્જિદ જેમાં બેઝમૅન્ટ કબ્રસ્તાન અને તેના વચ્ચે ઉગતા વૃક્ષ છે. આ મુલાકાત મહુવામાં નકવી સાદાત જમાતના સમૃદ્ધ વારસાને ઉજાગર કર્યો હતો



## તળાજામાં મુલ્લા અસગર મેમોરિયલ હાઉસિંગ કોમ્પ્લેક્સની ગ્રાઉન્ડ બ્રેકિંગ



તળાજામાં, અલ્હાજ સફદર જાફરે, ઈન્ડિયા ફેડરેશન અને કાઉન્સિલ ઓફ ગુજરાતના વડાઓ સાથે મળીને મુલ્લા અસગર મેમોરિયલ હાઉસિંગ કોમ્પ્લેક્સની જાહેરાત કરી હતી, જે સ્થાનિક કોમના લોકોની આવાસની જરૂરિયાતોને સંબોધવાના હેતુથી એક ગ્રાઉન્ડબ્રેકિંગ પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ સ્કીમ B હેઠળ હશે જે ભાડા-થી-પોતાના ધોરણે આધારિત હશે.

## કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સ્વાગત કાર્યક્રમ



કાઉન્સિલઓફ ગુજરાતએ તળાજામાં એક કોન્ફરન્સનું આયોજન કર્યું હતું જ્યાં WFના પ્રયાસોની પ્રશંસા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિવિધ પ્રોજેક્ટસ માટે ભંડોળ પણ ઊભુ કરવામાં આવ્યુ હતું.

# 11th November 2024

## અલ-ખોઇ પાર્કની મુલાકાત




WF પ્રમુખએ અમદાવાદમાં અલ-ખોઇ પાર્કની મુલાકાત લીધી, જે ૧૯૯૩માં ધ વર્લ્ડ ફેડરેશનના સમર્થનથી પૂર્ણ થયેલ પ્રોજેક્ટ છે. એટલુ જૂનું હોવા છતાં, માળખું મજબૂત છે, માત્ર થોડું રૅનોવેશનની જરૂર છે.



## અલ-ખદીજા પાર્કની મુલાકાત



પ્રમુખએઅમદાવાદમાં અલ-ખદીજા પાર્કની પણ મુલાકાત લીધી, જે ૨૦૦૪માં દાતાઓ દ્વારા બાંધવામાં આવેલ આવાસ પ્રોજેક્ટ છે અને ઐતિહાસિક કાલુપુર મસ્જિદ, જે વૈશ્વિક સ્તરે સૌથી જૂની KSI મસ્જિદોમાંની એક છે.

## મહદી કોમ્યુનિટી સેન્ટર - સરખેજ, અમદાવાદ



WF પ્રમુખ - અલ્હાજ સફદર જાફરે અમદાવાદના મહદી કોમ્યુનિટી સેન્ટર ની નિરીક્ષણ કર્યું. આ સેન્ટરમાં ઈમામબારગાહ હોલ, મદ્રેસા કમ એડયુકેશન સેન્ટર અને છોકરીઓ માટે હોસ્ટેલ સહિતની સુવિધાઓ હશે. WF એ મોહસીન અને ફૌઝિયા જાફર ફાઉન્ડેશનના સમર્થન સાથે છોકરીઓ માટે હોસ્ટેલનું એક માળ અને ઇમામ હસન સેન્ટરના સમર્થન સાથે એક તાલીમ કેન્દ્ર માટે ભંડોળ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે પ્રોજેક્ટની કમિટી સાથે પણ મુલાકાત કરી, ખાતરી કરી કે તેની પ્રગતિ કોમની જરૂરિયાતો સાથે સુસંગત છે.




## યુવા જોડાણ કાર્યક્રમ




WF પ્રમુખ - અલ્હાજ સફદર જાફર સરખેજના યુવા વ્યાવસાયિકો સાથે વાતચીત કરી, જેમાં IT એક્સપર્ટસ, ડોક્ટર્સ અને એન્જિનિયર્સનો સમાવેશ થાય છે. આ મિટિંગનો ઉદ્દેશ આગામી પેઢીને કોમના વિકાસમાં યોગદાન આપવા માટે પ્રેરણા આપવાનો હતો.

# સરખેજ જમાતનો સ્વાગત કાર્યક્રમ



સરખેજજમાત દ્વારા આયોજિત સ્વાગત કાર્યક્રમ સાથે આ સફરનું સમાપન થયું. અલ્હાજ સફદર જાફરેએ ભાષણમાં કોમની સેવા પર ભાર મૂકયુ અને આયતુલ્લાહીલ ઉઝમા સય્યદ અલ-સિસ્તાની સાહેબ નું સંદેશ પહોંચાડયો.